सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૨ | જુલાઈ ૨૦૦૧ | અંક ૧

## વાલીઓને..

### શિક્ષણનું માધ્યમ

આજે વ્યવહારની ભાષા તરીકે અંગ્રેજીનું જ્ઞાન હોવું અનિવાર્ય થઈ ગયું છે. અંગ્રેજી ન જાણનાર જાણે કે વિશ્વથી અલગ થઈ ગયો હોય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. એમાંય ઈન્ફરમેશન ટેકનોલોજીનાં આ જમાનામાં અંગ્રેજીએ નવા પરિમાણ સાથે તેનું મહત્વ ઊભું કર્યું છે. અને અંગ્રેજીનું જે મહત્વ રાજકીય પરિસ્થિતિને કારણે હતું તે પરિસ્થિતિ આજે ન હોવા છતાં નવી પરિસ્થિતિમાં તે વધારે મંહત્વ ધરાવતી ભાષા છે તેવું સ્વીકારવું પડે છે. હકીકત એ છે કે કેટલાક અત્યંત વિકાસશીલ રાષ્ટ્રોએ અંગ્રેજીને સ્વીકાર્યા સિવાય પોતાના વ્યવહારો વિશ્વમાં ચલાવ્યાં તે રાષ્ટ્રોને પણ અંગ્રેજીની ઉણપનો નવા પરિપ્રેક્ષ્યમાં અહેસાસ થાય છે અને અંગ્રેજીનું જ્ઞાન હોવાનો ભરપૂર લાભ ભારતને અવશ્ય મળ્યો છે અને સોફટવેર ટેકનોલોજીમાં પૂરા વિશ્વમાં એક અગ્રગણ્ય રાષ્ટ્ર તરીકે આપણે ગૌરવપૂર્ણ સ્થાન મેળવી શકયા તેમાં આપણી પાસે અંગ્રેજીનું જ્ઞાન હોવાનો સિંહફાળો રહયો છે તે સ્વીકારવું પડશે.

આમ અંગ્રેજીનું આ મહત્વ સ્વીકારીને પણ યક્ષપ્રશ્ન એ રહે છે કે આને માટે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી જ હોવું જોઈએ તેવું જરૂરી ખરૂ ?

હકીકત તો એ છે કે અંગ્રેજીનાં જ્ઞાન માટે માતૃભાષામાં સરળતાથી જે માહિતી પ્રાપ્ત કરી હોય છે તે જ અંગ્રેજીનાં જ્ઞાન માટે આગળ ઉપર વધુ ઉપકારક બને છે. જે સંકલ્પનાઓ બાળક માતૃભાષામાં સરળતાથી અને સાહજીક રીતે પ્રાપ્ત કરી શકે તે અન્ય ભાષામાં કરેલી ગોખણપટ્ટીથી મેળવવી શકય જ નથી.

નાનું બાળક સાહજીક રીતે જ પોતાનાં પર્યાવરણમાંથી આપમેળે ઘણું બધું શીખતું હોય છે. જેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. નાનું બાળક અનેકવાર કુટુંબમાં આનંદ આશ્ચર્ય સર્જતું હોય છે જ્યારે આપણને અપેક્ષા પણ ન હોય તેવા વાકયો, શબ્દપ્રયોગો, માહિતી વગેરે અનાયાસે આપણને આપે છે અને તેની ઉંમરના પ્રમાણમાં તેણે જે રજૂઆત કરી તે આપણે માટે એટલી અનપેક્ષિત હોય છે કે આપણને તેનું આ બધું વ્યકત કરવું આશ્ચર્યમાં નાખી દે છે. મોટાઓના વર્તનનું નિરીક્ષણ, મોટાઓની વાતચીતમાંથી તેણે એકઠા કરેલા શબ્દપ્રયોગો, માહિતી, તે તેણે એકઠી કરેલી મૂડી છે. જેનો આપણને અંદાજ નથી. આપણને અનેકવાર આશ્ચર્ય લાગે છે કે બાળક આ કયારે શીખ્યું ? ગોખણપટ્ટીથી આપેલી કોઈપણ માહિતી ટકાઉ કે મજબૂત બનતી નથી. માતૃભાષાની એ મજા છે કે તે આ બધું સમજીને કરતું હોઈ ચીરસ્થાઈ બને છે. જે સૂક્ષ્મતા આ રીતે તેનામાં પ્રાપ્ત થાય છે તે પ્રાયોજીત કરીને શીખવવાનું, અશકય નહીં તો મુશ્કેલ જરૂર છે.

છેક નાનપણથી અનેક માહિતી બાળક તેના રોજીંદા વ્યવહારમાંથી મેળવતું હોય છે. ઘણું બધું શીખતું જ હોય છે. અને જુદા-જુદા તબક્કે તેની ક્ષમતાને યોગ્ય માહિતીનો ભંડાર તે સાહજીક રીતે રમત-ગમતમાં એકઠું કરતું હોય છે. માતૃભાષા સિવાય અન્ય ભાષા દ્વારા તેને ગોખાવીને આ બધું આપી શકાતું નથી. માતૃભાષા સિવાય આ બધું તેને આપવાના બેહુદા પ્રયત્નો અપૂર્ણ છે અને બાળક માટે ભારરૂપ બને છે એટલું જ નહીં તેના સાહજીક વિકાસને માટે બાધારૂપ બની જાય છે. દરેક ઉમરે જુદુ જુદુ જ્ઞાન મેળવવાનાં તબક્કા પ્રમાણે સંકલ્પનાઓ માતૃભાષામાં જ સ્પષ્ટ થઈ શકે છે. આ બધી પાયાની સંકલ્પનાઓ સ્પષ્ટ થયા પછી અને દઢીભૂત થયા પછી એક તબક્કો જરૂર એવો આવે છે કે જ્યારે ભાષાનું માધ્યમ ત્યારબાદ મહત્વ ધરાવતું નથી. માતૃભાષા સિવાય અન્ય ભાષામાં જ્ઞાન મેળવવાની તેની ક્ષમતા એવી કક્ષાએ પહોંચે છે કે તે કોઈપણ ભાષામાં જ્ઞાનની ઉપલબ્ધી સરળતાથી કરી લે છે.

જેઓ પાસે સ્પષ્ટ દ્રષ્ટિ છે તેઓ જરૂર પોતાના બાળકને શરૂઆતના તબક્કાઓમાં માતૃભાષામાં શિક્ષણ આપીને યોગ્ય સમયે અંગ્રેજીનું પણ જ્ઞાન મળે તેવો પ્રબંધ અવશ્ય કરે જ છે, કોઈપણ ભાષા સહજ રીતે શીખવી શકાય તેવો જ ઉપાય હોવો જોઈએ કારણકે ભાષા તો પુષ્પની માફક વિકસે છે. એક ભાષાનું જ્ઞાન અન્ય ભાષા શીખવામાં ખૂબ મદદરૂપ બને છે અને ભાષાનું માધુર્ય વધારે છે.

અંગ્રેજીનું જ્ઞાન મેળવવું અને શિક્ષણ માટેનું માધ્યમ બંને ભિન્ન બાબતો છે તે સમાજનાં શિક્ષિત અને સમજુ વર્ગ જેટલો વહેલો સમજે એટલો બાળકોને ફાયદો છે. આથી શિક્ષણ માતૃભાષામાં આપીને તેને ઉત્તમ પ્રકારનું અંગ્રેજી શિખવવાનો ક્રમ અનિવાર્ય છે.

ના વંદન

### સ્મૃતિ ચિત્રો

પ્રવાસો માટે અલગ કોચ મળતાં અને તેમાં પ્રવાસ કરવાની એક મજા હતી. આવા કોચમાં વિદ્યાર્થીઓ પોતાના જુથમાં આનંદ કરતાં અને સમય કયાં જતો તે ખબર નહોતી પડતી.

વિદ્યાર્થીઓ પ્લેટફોર્મ ઉપરથી ફળો લે તે ધોઈને જ વાપરવાની સૂચના આપવામાં આવતી હતી અને મોટા ભાગના વિદ્યાર્થીઓ તેનો અમલ કરતા જોવા મળતાં.

મદુરા સ્ટેશનેથી કેટલાક વિદ્યાર્થીઓએ લીલી દ્રાક્ષ લીધી હતી. દ્રાક્ષની લૂમ ધોઈને ઘણા વિદ્યાર્થીઓ તે દ્રાક્ષ ખાતા હતા પરંતુ પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી નાની એવી માલા શોધને દ્રાક્ષની લૂમમાંથી વ્યવસ્થિત રીતે દ્રાક્ષ છૂટી પાડી, ખરાબ દ્રાક્ષ કાઢી નાખીને ચૂંટેલી દ્રાક્ષ પોતાની હેન્ડબેગમાંથી વાટકી કાઢીને સ્વચ્છ રીતે ધોઈ અને વ્યવસ્થિત રીતે ખાતી જોઈ બાળકના તાલિમનું ક્ષેત્ર માત્ર શાળા જ છે તેવું સ્વીકારવાને બદલે ઘરનો ફાળો પણ બહુ મોટો છે તે જોવા મળ્યું.

દિનુભાઈ

## " ઘડતર - બાળકનું કે માબાપનું ? "

" બેન ! આ વખતે બાળકો માટે યોજાયેલી વેશભૂષા સ્પર્ધામાં મારે મારા પાર્થને મદારી બનાવવો છે.."

" બહુ સરસ..જરૂર બનાવો.."

" અરે બેન ! એ શું સરસ એકટીંગ કરે છે ! થોડા વખત ઉપર અમારી નાતનું ફંકશન હતું તેમાં તેને પહેલું ઈનામ મળ્યું હતું, બધાં ભાગ લેનારામાં તે સૌથી નાનો હતો છતાં તેણે એનું પાત્ર એવું આબેહૂબ ભજવ્યું હતું ! અરે ! કંઈ તાળીઓ પડી છે...એનો સંવાદ તો એ એવો સરસ બોલ્યો હતો !...પાર્થના પપ્પા ગૌરવભેર એકી શ્વાસે બધું જ બોલી ગયા.

બાળકો માટે અમે આવા કાર્યક્રમો યોજીએ છીએ તેની પાછળ તેનાં ચારિત્ર્યનું ઘડતર થાય અને મુક્ત અભિવ્યક્તિ ખીલે એ બંને હેતુ હોય છે અને એટલે બાળક કયું પાત્ર ભજવવાનું છે, શું બોલવાનું છે, એની વેશભૂષા કેવી છે વિગેરે માટે અમે ઝીણવટભર્યું ધ્યાન રાખીએ છીએ,એટલે જ મેં પાર્થના પપ્પા પાસે એને બોલવાનો સંવાદ જોવા માંગ્યો, એમણે એ કાગળ ઉત્સાહભેર મને આપ્યો, હું એ વાંચતી ગઈ અને મારા મોં પરના હાવભાવ બદલાવા માંડયા. પાર્થના પપ્પા તો આતુરતાપૂર્વક મારી સંમતિની જ રાહ જોઈ રહ્યા હતાં પણ મારો પ્રતિભાવ જોઈ એ મૂંઝાયા, તરત જ પ્રશ્ન કર્યો, " બેન ! આમાં શું ખોટું છે ? મદારી જેવું બોલે એવું જ મેં આબેહૂબ તૈયાર કર્યું છે એટલે જ તો એને ઈનામ મળ્યું હતું. "

" ભાઈ ! કડવું પણ સત્ય કહું ? " તમે કદાચ તમારી રીતે સાચા હશો પણ મારે આટલા નાના બાળકનાં મોંમા આવા શબ્દો નથી મૂકવા. આવા ઉગતા, નાદાન, નિર્દોષ અને કૂમળા બાળકોને આવા શબ્દો શું કામ શીખવવા ? એને તો તેનો અર્થ પણ ખબર નથી, એ બોલશે ત્યારે આપણે તેને તાલીઓથી વધાવીશું એટલે એને એ શબ્દો ફરી ફરી બોલવાનું પ્રોત્સાહન મળશે, બાળકનાં ઉછેરમાં મારે આવો અવરોધ ઉભો નથી કરવો. તમે કયાં તો એ સંવાદ ન બોલાવો અથવા એને બીજું પાત્ર ભજવાવો.

" ના, ના, બેન ! મારી તો બધી જ મહેનત એળે જાય.."

'ભાઈ ! બાળકનું ભણતર તો મહત્વનું છે જ પણ તે સાથે તેનું ઘડતર પણ ઘણું મહત્વનું છે. બાળક આપણે કહીએ તેમ નહીં પણ કરીએ તેમ કરે છે. એની નિરીક્ષણ શક્તિ ઘણી હોય છે. અને તે જુએ છે, સાંભળે છે તેનું જ અનુકરણ કરે છે અને એટલે જ બાળકને શિષ્ટ અને સંસ્કારી બનાવવા આવા બધાથી દૂર રાખવો જોઈએ. ફક્ત ઈનામ જ મહત્વનું નથી.

" બેન ! સારૂં થયું તમે મને નવી દ્રષ્ટિ આપી. " મને આવો ખ્યાલ જ ન હતો. હું તો તેને આ પહેલાં ઈનામ મળ્યું એટલે ખુશ ખુશ હતો. પણ આજે તમે મને સાચી વસ્તુ સમજાવી. " અને આભારભર્યા સ્મીત અને સંતોષ સાથે એમણે વિદાય લીધી ત્યારે મને પણ એમને સમજાવી શકયાનો સંતોષ થયો. નહીંતો સામે વહેણે તરવું કંઈ સહેલું નથી.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

સમગ્ર એશિયાની બહુજ મુશ્કેલ ગણાતી ગુડરીક ઈન્ટરનેશનલ રેટીંગ ટુર્નામેન્ટમાં શાહ અનૂરીએ ભાગ લીધો. અને ૧૧ રાઉન્ડમાંથી ૨ પોઈન્ટ બનાવ્યા. જેમાં ચાલુ સાલની એશિયન ચેમ્પીયન સહેલીનાથને હરાવી.

બેંગ્લોર ખાતે રમાયેલ નેશનલ ઓપન ૪-૧૨ ગર્લ્સ ટુર્નામેન્ટમાં ચોથા ક્રમાંકે તેણે સ્થાન પ્રાપ્ત કર્યું.

ગુજરાત સ્ટેટ લેવલમાં ચાલુ વર્ષે ૪-૧૨ ગર્લ્સમાં ચેમ્પીયન બન્યા અને ઓપન ગુજરાત વીમેન ચેમ્પીયનશીપ માત્ર ૧૨ વર્ષની ઉંમરે જીતી લઈ ચેમ્પીયન બન્યા છે. હવે તા. ૨૩મી જુલાઈથી ૩જી ઓગસ્ટ સુધી વિશાખાપટ્ટનમમાં ભાગ લેવા જનાર ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરશે. આ ટુર્નામેન્ટ નેશનલ ઓપન વીમેન ચેસ ચેમ્પીયનશીપ માટેની છે.

બેન અનૂરીને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામના.

## ' સંઘર્ષમાંથી પણ શિક્ષણ મળે છે'

ચેસનાં કોઈપણ ખેલાડીને તેની કેરીઅરમાં એક વખત Goodricke Open International Tournament જોવાની મહેચ્છા હોય જ. Goodricke સમગ્ર એશિયાની Rough and Tough Tournament છે. જેમાં વિશ્વના અનેક નામાંકિત ખેલાડીઓ તેમનું Rating સુધારવા રમતા હોય છે. તે દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કલકત્તામાં રમાય છે. આ વર્ષે મને આ ટુર્નામેન્ટમાં રમવાની ઈચ્છા થઈ. એની Entry અમે જાન્યુઆરી મહિનામાં confirm કરી હતી. અમે ત્યાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે ટુર્નામેન્ટના નિયમો બદલાઈ ગયાં છે અને નવા નિયમો પ્રમાણે રમવું મારા માટે નવું તથા અઘરું હતું. સાત કલાકનાં બદલે માત્ર ચાર કલાકમાં ટુર્નામેન્ટ રમવાની હતી. અનેક ટોચના ખેલાડીઓ કે જેમના નામ માત્ર ચોપડીઓમાં વાંચ્યા હતાં. તેમને નજરે જોઈને તો હું સ્તબ્ધ થઈ ગઈ. આવા ખેલાડીઓ તો ફૂંક મારે ને હું તો ઉડી જાઉં એવું લાગ્યું. હારીએ તો હારીએ કંઈ વાંધો નહીં, હિંમતથી આગળ વધી. મારો પહેલો જ Round U-25 National Champion Suvrajit Saha સામે આવ્યો. હારવાનું તો નિશ્ચિત હતું પણ અંદર-અંદરથી કદાચ જીતી પણ જવાય એવું લાગતું હતું. અનેક ખેલાડીઓ મારી ગેઈમ જોતાં હતાં. અંતે તો હું હારી ગઈ. પણ હું ઝઝૂમી. બધાંને એમ ન લાગવું જોઈએ કે આટલી મોટી ટુર્નામેન્ટ આવી નાની છોકરીઓએ તો રમવું જ ના જોઈએ. મારા Senior Arbiter એ કહયું કે આવી કેટેગરીની ટુર્નામેન્ટ રમો તો જ હિંમત આવે. શૂન્ય પોઈન્ટ થાય તો પણ વાંધો નહીં પણ રમવાનું. હારીને પણ ઘણું શીખવા મળશે. એક પછી એક રાઉન્ડ ચાલતા ગયાં ને હું અનેક કોશિશો કરવા છતાં પણ હારતી જ ગઈ. વચ્ચે મારો રાઉન્ડ આ વર્ષની Asian Champion સહેલી સામે આવ્યો. અનેક મજબૂત ખેલાડીઓ સામે હાર્યા પછી સહેલીની સામે રમવાનું એટલું કઠણ ના લાગ્યુ અને હું જીતી ગઈ. જાણે ભૂખ્યાને ખાવાનું મળ્યું. બધાએ કહ્યું કે અનૂરીનો Account ખૂલ્યો. પછીના તમામ રાઉન્ડસની Preparation કરવામાં ખૂબ મજા આવતી. હાર્યા પછી પણ Opponent આપણને આપણી ભૂલ સમજાવે. રૂમ પર આવ્યા પછી આજુબાજુનાં બધાં Senior ખેલાડીઓ મારી રૂમ પર આવે અને મારી રમતનું detail માં Analysis કરીને કેમ હારી તે મને સમજાવે. આટલા બધા રાઉન્ડ રમ્યા પછી મને ખબર પડી કે મને ચેસમાં કેટલું આવડે છે અને કયાં મારે મહેનત કરવાની ખૂબ જરૂર છે. International Coach પણ મને મારી નબળાઈ સમજાવતાં હતા. હવે મને ખબર પડી કે જો મારે ચેસમાં આગળ આવવું હશે તો તેમણે બતાવેલી લાઈન ઉપર ખૂબ મહેનતત કરવી પડશે. સમય ઓછો છે અને કામ વધારે છે. અહીંથી રમવા ગઈ ત્યારે મને લાગતું હતું કે મને ઘણું સારું ચેસ આવડે છે. ત્યાં ગયા પછી ખબર પડી કે હું આ બધાની સરખામણીમાં ખૂબ કાચી છું. અને મારે ખૂબ શીખવાની જરૂર છે. ત્યાં રમતાં રમતાં મને એવું લાગતુ હતું કે મારે Special Coaching ની ખૂબ જરૂર છે. મને મારી રમત ખૂબ નબળી લાગી.

**અનૂરી શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

જૂન ૨૦૦૧થી નાના બાળકો માટે બાલવાડી વિભાગ ચાલુ થઈ ગયો છે. પંચોતેર નવા બાળકો સરસ ગોઠવાઈ ગયાં છે. બાળકને અહીં મુક્ત વાતાવરણ મળે છે અને તેમની જ ઉંમરના બીજા બાળકો મળતાં હોવાથી હળીમળીને પ્રવૃત્તિ કરવી બહુ ગમે છે. સંગીતમાં તેમને ખૂબ ગમે છે. ક્રીડાંગણમાં હીંચકા લપસણી વિગેરે સાથે રમતાં તેઓ ખૂબ આનંદ માણે છે. ઈન્દ્રિય વિકાસનાં સાધનો સાથે રમતાં તેઓ તન્મય થઈ જાય છે. પોતાની મનગમતી પ્રવૃત્તિ જેવી કે મોતીકામ, માટીકામ, મુક્ત વ્યવસાયનાં સાધનો સાથે મસ્ત થઈ રમે છે. આ સત્ર દરમ્યાન માંકડાનો ખેલ બાળકોએ જોયો. બાળકોએ આનંદની કિકિયારીઓ પાડી વાતાવરણને ગજવી મૂક્યું. ખેલ જોવામાં ખૂબ જ આનંદ આવ્યો. ટુકડી નંબર ૪ ના બાળકોનું આગમન શનિવાર ૨૮મી જુલાઈથી થશે.

## બાલમંદિર

નવા વર્ષનું પ્રથમ સત્ર શરૂ થતાં બાલમંદિરમાં બાળકોનું આગમન થયું. બાલમંદિરમાં બાળકો વાતાવરણમાં હસતાં રમતાં ગોઠવાઈ ગયા છે.

વર્ષાના આગમન સાથે બાળકોએ ગૌરીવ્રતની ઉજવણી કરી. માથે જ્વારા લઈ ' ગોરમાનો વર કેસરિયો ' ગાઈ બાળાઓ રંગબેરંગી ચણિયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈને આનંદથી ગરબે ઘૂમી.

તાલીમના બાળકોએ આ વખતે ગૌરીવ્રત નિમિત્તે જ્વારા વાવ્યાં, વાવણીનું પ્રત્યક્ષ નિદર્શન તેઓએ રસપૂર્વક જોયું. બાળકોને વિવિધ ધાન્યની સમજ આપી. ટોપલીમાં વાવણી કરી રોજેરોજ તેનું નિરીક્ષણ કરાવ્યું. બીજમાંથી કેવી રીતે ફણગા ફૂટે છે તેની સમજ આપી, બાળકોને આ જોવામાં ખૂબ રસ પડયો. ગોરો શરૂ થતાં એ જ જ્વારાની પૂજા કરી બેનો માથે મૂકીને ગરબે ઘૂમી.

હવે બાળકો સ્થાપનાદિન નિમિત્તે યોજાતાં બાલપૂજન કાર્યક્રમની તૈયારીમાં લાગી ગયાં છે, અને ત્યાર પછી જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવા માટે પ્રવૃત્તિમાં લાગી જશે. શારદામંદિરમાં બાળક કેન્દ્ર સ્થાને છે. તેથી સ્થાપનાદિને બાલપૂજન કરવામાં આવે છે. બાળકોએ જ બનાવેલા રથ સાથે સુંદર રીતે સજ્જ થયેલાં બાલરથી આવી પહોંચે છે. અને એ દિવસનાં મુખ્ય મહેમાન તેને કુંકુમ તિલક કરી મોં મીઠું કરી તેનું અભિવાદન કરે છે. ધજા અને ફૂગ્ગા સાથે બાળકોની કૂચ ગરબા વિ. કાર્યક્રમથી સ્થાપનાદિન ઉત્સાહભેર ઉજવાય છે.

**સૂચના :** (૧) બાલવાડીનો સમય સોમવારથી શુક્રવાર ૯-૦૦ થી ૧૧-૩૦ નો રહેશે. શનીવારે રજા રહેશે.

(૨) બાલમંદિરનો સમય સોમવારથી શુક્રવાર ૧૨-૦૦ થી ૪-૦૦નો રહેશે. તથા શનીવારે સવારે ૭-૩૦ થી ૧૦-૩૦નો રહેશે. તેની ખાસ નોંધ લેશો. બાળક સમયસર શાળાએ આવે અને તેને સમયસર લઈ જવાની વ્યવસ્થા વાલી ખાસ ગોઠવે તેવી વિનંતી.

(૩) આપનાં બાળક માટે કોઈ મૂઝવણ હોય તો તેને માટે નવા શારદામંદિરમા મુખ્ય ઓફિસનો સંપર્ક સાધવો. આ માટેનો સમય દર શુક્રવારે સાંજે ૪-૦૦ થી ૫-૦૦નો રહેશે.

## શિશુમંદિર

તા.૨-૭-૨૦૦૧ના રોજ શિશુમંદિરની ચૂંટણી યોજાઈ જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | પારેખ સાગર |
| | (બહેનો) | શાહ કક્ષા |
| ઉપમંત્રી | (ભાઈઓ) | ત્રિવેદી રાજ |
| | (બહેનો) | શાહ વૈદેહી |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને આ[illegible] નેતા અને ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

તા.૪-૭-૨૦૦૧ (ધો.૫-૬ જુનિયર ગ્રુપ)

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | જોશી ઉર્જિત |
| | | ઉપનેતા | જાડેજા પાર્થરાજ |
| | (બહેનો) | નેતા | ગોરજી જાનકી |
| | | ઉપનેતા | ભટ્ટ રીમા |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | શાહ સમ્યક |
| | | ઉપનેતા | શાહ અભિજ્ઞ |
| | (બહેનો) | નેતા | શાહ સલોની |
| | | ઉપનેતા | જાની પૂજા |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | બક્ષી શુભમ્ |
| | | ઉપનેતા | વોરા મિલિન્દ |
| | (બહેનો) | નેતા | મુનશી કવિના |
| | | ઉપનેતા | ત્રિવેદી માનસી |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | પરીખ સહજ |
| | | ઉપનેતા | જાની દેવસ્ય |
| | (બહેનો) | નેતા | મહેતા જલ્પા |
| | | ઉપનેતા | શાહ જાનકી |

ધોરણ ૭ અને ૮ નાં સિનીયર ગૃહનેતાઓની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે. તા. ૧૧-૭-૨૦૦૧

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | ઝવેરી હર્ષિલ |
| | | ઉપનેતા | પંડયા નમ્ર |
| | (બહેનો) | નેતા | દેસાઈ જયાયસી |
| | | ઉપનેતા | મનાણી કૃપાલી |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | પટેલ પાર્થ |
| | | ઉપનેતા | નાગોરી હર્ષિન |
| | (બહેનો) | નેતા | બારડ પૃથા |
| | | ઉપનેતા | વૈદ્ય મિતિષા |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | શાહ હાર્દ |
| | | ઉપનેતા | દેસાઈ હર્ષ |
| | (બહેનો) | નેતા | શાહ એષા |
| | | ઉપનેતા | શાહ શિમોલી |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | દેસાઈ પાર્થ |
| | | ઉપનેતા | દવે પક્ષ્મન |
| | (બહેનો) | નેતા | ત્રિવેદી ભૂમિ |
| | | ઉપનેતા | દોશી વૃષાંકી |

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન**

**સૂચના:** આપના પાલ્ય માટે શાળામાં આચાર્યને મળવાનો સમય સોમવારથી શુક્રવાર સુધી ૪-૦૦થી ૪-૪૫નો છે. મુખ્ય ઓફિસમાં સંપર્ક સાધ્યા પછી જ શિશુમંદિરમાં મળવું.

## વિનયમંદિર

**પરિણામ :** માર્ચ ૨૦૦૧માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહનું શાળાનું પરિણામ ૯૪.૪૪ % આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં **શાહ ચિન્મય પંકજભાઈ** કેન્દ્રમાં સાતમા આવ્યા છે.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૯૯.૦૭% આવ્યુંછે.

ન્યુ.એસ.એસ.સી.નું શાળાનું પરિણામ ૯૯.૪૪ % આવ્યું છે.

ન્યુ એસ.એસ.સી.પરિણામ બોર્ડમાં

| | | |
|---|---|---|
| વ્યાસ કૃપા | ૬ ઠ્ઠું | સ્થાન |
| શાહ શાલિન | ૧૦ મું | સથાન |

કેન્દ્રમાં

| | | |
|---|---|---|
| વ્યાસ કૃપા | બીજું | સ્થાન |
| શાહ શાલિન | ચોથું | સ્થાન |
| મુનશી દેવાંગી | ૫ મું | સ્થાન |
| રાયબાગકર પૂજા | ૫ મું | સ્થાન |
| મયાત્રા સુજલ | ૯ મું | સ્થાન |
| શાહ મૌનિષ | ૧૦ મું | સ્થાન |
| દ્વિવેટીયા સાવની | ૧૦ મું | સ્થાન |

**બધાંજ વિદ્યાર્થીઓને ખૂબ ધન્યવાદ.**

શાળામાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **વ્યાસ કૃપાને** સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫/મળે છે.

(૨) એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **શાહ ચિન્મય પંકજભાઈને** સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/ મળે છે.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી **પૂજારા મુકેશને** સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/ મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી. , એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ અને એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાંથી બહેનોમાં પ્રથમ આવનાર નીચેની દરેક બહેનોને સ્વ.તનુલતાબેન પટેલના સ્મરણાર્થે રૂ.૧૦૧નાં ઈનામ મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | વ્યાસ કૃપા | ન્યુ એસ.એસ.સી. |
| (૨) | શાહ કુનુર | એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ |
| (૩) | શાહ લીપી, શાહ માનસી | એચ.એસ.સી.સામાન્ય પ્રવાહ |

(૫) ન્યુએસ.એસ.સી.માં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર **પારેખ નિરવને** તથા દ્વિતીય આવનાર **મયાત્રા સુજલને** અનુક્રમે રૂ.૧૨૫ અને રૂ.૧૦૧ નાં ઈનામો મળે છે.

(૬) ન્યુએસ.એસ.સી.માં ગણિત ,વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્ક મેળવતાં વ્યાસ કૃપા પંકજભાઈ, શાહ વિદિશા મહિપતભાઈને સ્વ.પ્રમોદાબેન હિરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે રૂ.૧૦૧ નું ઈનામ મળે છે.

(૭) ન્યુએસ.એસ.સી.માં અંગ્રેજી વિષયમાં પ્રથમ આવનાર **મહેતા જય મહેશભાઈને** સ્વ.પ્રમોદાબેન દેસાઈનાં સ્મરણાર્થે રૂ.૧૦૧નું ઈનામ મળે છે.

(૮) સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **શાહ લિપીને** તથા દ્વિતીય આવનાર **શાહ માનસીને** અનુક્રમે રૂ.૧૨૫ તથા રૂ.૧૦૧ મળે છે.

(૯) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી તથા મેડિકલ માટેના મેરીટ લીસ્ટમાં સૌથી વધુ ગુણ મેળવનાર **શાહ ચિન્મય પંકજભાઈને** સ્વ.પ્રમોદાબેન દેસાઈનાં સ્મરણાર્થે રૂ.૧૦૧નું ઈનામ મળે છે.

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યનાં સ્મરણાર્થે **જોષી શિવાનીને** પ્રથમ ઈનામ રૂ. ૧૨૫ તથા **અમીન શચી** ને દ્વિતીય ઈનામ રૂ.૧૦૧/ મળે છે.

**સૌ ભાઈબહેનોને અભિનંદન.**

## અભિનંદન

**ચિત્ર :** ગુજરાત રાજ્ય લલિતઅકાદમી આયોજીત ચિત્ર સ્પર્ધામાં રાવલ શ્લોક મયંકભાઈ, મહેતા લેખા પ્રશાંતભાઈ, શાહ ઋતુ પ્રદીપભાઈ તથા શાહ અભિજ્ઞ કૌશીકભાઈને ઈનામ તથા સર્ટીફીકેટ મેળવવા બદલ ધન્યવાદ.

શંકર્સ ઈન્ટરનેશનલ આર્ટસ્ કોમ્પીટીશનમાં ચાવડા વેદાંત તથા શાહ ઋતુને ઈનામ મેળવવા બદલ અભિનંદન.

ઓલ ઈન્ડીયા ચિલ્ડ્રન આર્ટ એક્ઝીબીશન ૨૦૦૧ આયોજીત ચિત્ર સ્પર્ધામાં છપ્પન હર્ષિલને બાલકલાશ્રીનો એવોર્ડ તથા જાની દેવસ્યને રૌપ્યમંદ્રક મળ્યાં છે.

ઓલ ઈન્ડીયા આર્ટ કોમ્પીટીશન ૨૦૦૧ તરફથી જાની દેવસ્યને સુવર્ણ ચંદ્રક, છપ્પન હર્ષિલને મેરીટ સર્ટીફીકેટ મળ્યાં છે. આર્ટ વન્ડર વર્લ્ડ તરફથી જાની દેવસ્ય તથા છપ્પન હર્ષિલને મેરીટ એવોર્ડ સર્ટીફીકેટ મળ્યાં છે.

**કરાટે :** ગુજરાત સ્ટેટ એમેસ્યાર ટેકવેન્ડો એસોસીએશન આયોજીત કસોટીમાં શાહ ઉર્વેશને ( yellow 7th ) ( white 8th ) બેલ્ટ મળ્યાં છે. તથા જોષી ઉર્જીતને ( Green 6th ) બેલ્ટ મળ્યો છે.

ગુજરાત સ્ટેટ ટેકવેન્ડો ચેમ્પીયનશીપમાં પરીખ આશકાને કાંસ્યચંદ્રક મળ્યો છે.

અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ તરફથી પંચાલ અચ્યુતને ( yellow II ) બેલ્ટ મળ્યો છે.

**ચેસ :** અમદાવાદ ચેસ એકેડમી તરફથી પ્લેઝર કલબ ખાતે યોજાયેલ ટુર્નામેન્ટમાં શાહ સંવિતને ' એ ' ગ્રુપમાં બીજું ઈનામ, શાહ સ્વપ્નીલને ' સી ' ગ્રુપમાં પ્રથમ ઈનામ મળ્યું છે.

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીયેશન આયોજીત ઓપન ગુજરાત સ્ટેટ ચેમ્પીયનશીપમાં સન એન સ્ટેપ કલબ ખાતે તા.૨૬-૧૧-૨૦૦૧નાં રોજ શાહ સ્વપ્નીલને ચોથું ઈનામ મળ્યું છે. આજ સંસ્થા તરફથી તા.૭-૭-૨૦૦૧નાં રોજ સન એન સ્ટેપ ખાતે રમાયેલ ચેસ સ્પર્ધામાં પંડયા નમ્રને ચોથું ઈનામ મળ્યું છે.

**સંગીત:** ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજીત પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધામાં વસાવડા આનલ હેમંતભાઈને કંઠયગાન સ્પર્ધામાં ગાયનમાં પ્રથમ પારિતોષિક મેળવવા બદલ ધન્યવાદ.

યુથ હોસ્ટેલ્સ આયોજીત ' ડીફેન્સ એરોસ્પોર્ટસ્ એન્ડ એડવેન્ચર એકેડમી દ્વારા યોજાયેલી સમર કેમ્પમાં **મહેતા કુશાને** ભાગ લઈ એરોસ્પોર્ટસ્ અને એડવેન્ચરનાં કાર્યક્રમોમાં સફળતાપૂર્વક ભાગ લઈ પ્રમાણપત્ર મેળવ્યું છે. આ કેમ્પ તા.૧૨ થી ૧૬ મે સુધી યોજાયો હતો.

**તરણકલા :** શ્રેયસ અંગસૌષ્ઠવ કેન્દ્ર આયોજીત તરણસ્પર્ધામાં મહેતા યેશાને ૨૫ મીટર ફ્રી સ્ટાઈલમાં ત્રીજું તથા મહેતા કુશાનને પ્રથમ ઈનામ મળ્યું છે.

### પર્સનાલીટી ડેવેલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ :-

ઉપરોકત કોર્સ જુલાઈનાં છેલ્લા અઠવાડીયાથી શરૂ થનાર છે. રસ ધરાવતી બહેનોએ મુખ્ય ઓફિસનો સંપર્ક સાધવો.

### શ્રધ્ધાંજલિ:

શ્રેણી ૨ માં અભ્યાસ કરતાં મહિમ્ન મુનશી તેમજ આ વર્ષે શ્રેણી ૧૨ પાસ કરનાર ભાઈ તપન દવેનાં અકાળ અવસાનની નોંધ લેતા અમે ભારે દુઃખની લાગણી અનુભવી છે. ઈશ્વર સદગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી ,મુદ્રક,પ્રકાશક: દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in